



**મહુવા તાલુકાના અનાવલ રાઉન્ડના જંગલમાંથી ખેરનાં ઝાડોનું આડેધડ નિકંદન, ઉચ્ચસ્તરીય વનવિભાગ હરકતમાં, માત્ર બીટગાર્ડને સસ્પેન્ડ કરી સંતોષ માન્યો, તાલુકાના જવાબદાર વનવિભાગના અધિકારી સામે કાયદાની કલમ ક્યારે ઊઠશે?**

# વિરપ્પનોનો કેર: જંગલોની નથી 'ખેર'!

**વિરપ્પનોને** પકડવા માટે ઠેર ઠેર ચેકપોસ્ટ પણ બનાવાઈ, પરંતુ તે ચેકપોસ્ટ ફક્ત નામ પૂરતી જ!

**વૃક્ષોનાં** કટિંગ માટે મહુવા વનવિભાગના અધિકારીઓના નીરસ વલણ સામે પ્રકૃતિપ્રેમીઓમાં નારાજગી

અનાવલ: મહુવાના અનાવલ રાઉન્ડ વિસ્તારનાં જંગલોમાંથી ગેરકાયદે ખેર તેમજ મહુડાનાં વૃક્ષો કપાયાં હોવાનું બહાર આવતાં વનવિભાગ હરકતમાં આવતાં જ ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ કમિટી બનાવી અનાવલ રાઉન્ડના જવાબદાર બીટ ગાર્ડને સસ્પેન્ડ કરવાની કાગળિયાં કાર્યવાહી તો કરી દીધી, પણ જવાબદાર તાલુકાના વનવિભાગના અધિકારી સામે કાયદાની કલમ ઊઠશે કે પછી આટલી જ કાર્યવાહીથી સંતોષનો ઓડકાર ખાઈ લેવાશે તે પ્રશ્નો તાલુકાની જનતા ઊઠ્યા છે. હાલ તો મહુવા તાલુકાનાં જંગલોમાંથી કીમતી વૃક્ષોનાં ગેરકાયદે નિકંદન કરી સરકારી તિજોરીને નુકસાન પાછળ મહુવા વનવિભાગના અધિકારીઓના નીરસ વલણને જવાબદાર ગણાવી પ્રકૃતિપ્રેમીઓ ટીકા કરી રહ્યા છે.


મેહુલ પટેલ

પ્રાપ્ત વિગત મુજબ મહુવાના અનાવલ રાઉન્ડ વિસ્તારનાં જંગલોમાંથી જવાબદાર તંત્રની બેધારી નીતિને કામગીરીને લઈ અવારનવાર ગેરકાયદે રીતે અનામત વૃક્ષોનું કટિંગ કરી વિરપ્પનો દ્વારા આ કીમતી લાકડાંની તસ્કરી કરવામાં આવે છે. મહુવા વન વિભાગના અધિકારીઓ દ્વારા આ વિરપ્પનોને પકડવા માટે ઠેર ઠેર ચેકપોસ્ટ પણ બનાવવામાં આવી છે. પરંતુ તે ચેકપોસ્ટ ફક્ત નામ પૂરતી જ સાબિત થઈ રહી છે. ગત દિવસોમાં અનાવલનાં ગાઢ જંગલોમાંથી અનામત વૃક્ષોનું મોટા પ્રમાણમાં ગેરકાયદે કટિંગ થયું હોવાની માહિતી વન વિભાગના ઉચ્ચ અધિકારીઓને મળતાં તેમણે ઘટનાની ગંભીરતા સમજી એક એસીએફ અને બે આર.એફ.ઓ.ની એક તપાસ કમિટી બનાવી તપાસ હાથ ધરી હતી.

તપાસ કમિટી દ્વારા અનાવલ રાઉન્ડ વિસ્તારનાં જંગલોમાં તપાસ કરતાં મોટી સંખ્યામાં ખેર તેમજ મહુડાનાં વૃક્ષોની ગેરકાયદે રીતે કાપણી થઈ હોવાની પ્રાથમિક તપાસમાં માહિતી મળતાં જ અનાવલ રાઉન્ડના ઈનચાર્જ ફોરેસ્ટર એવા બીટ ગાર્ડ પાર્વતીબેન ચૌધરીને સસ્પેન્ડ કરી દીધાં હતાં. અને જંગલ વિસ્તારમાં કેટલાં વૃક્ષોનું ગેરકાયદે રીતે કટિંગ થયું હોવાની તપાસ કમિટીએ તપાસ હાથ ધરી હતી. વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવેલી કડક કાર્યવાહીને જોઈ મહુવા વન વિભાગના અન્ય કર્મચારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

હાલ તો આ તપાસ કમિટી નિષ્ઠાપૂર્વક સરકારી ફરજ નિભાવી સરકારી તિજોરીને થતા નુકસાન પાછળ અને સરકારી ફરજમાં બેદરકારી દાખવનારાઓને કાયદાના પાઠ ભણાવશે કે પછી પોતાના વિભાગના કર્મચારીઓને બચાવવાની વ્યૂહરચના ઘડાશે તે જોવું રહ્યું.

### કમિટી બનાવી તપાસ શરૂ કરવામાં આવી છે

અનાવલ જંગલમાંથી ખેર તેમજ અન્ય વૃક્ષોનાં ગેરકાયદે કટિંગ અંગે તપાસ કમિટી બનાવી તપાસ શરૂ કરવામાં આવી છે. તપાસ દરમિયાન એક મહિલા બીટ ગાર્ડ પાર્વતીબેન ચૌધરીને સસ્પેન્ડ કરી દેવાયાં છે. કેટલાં વૃક્ષો કપાયાં એ અંગેની તપાસ હજી ચાલુ છે.

**- ધીરજકુમાર-ડી.એફ.ઓ.(સુરત)**

### તપાસમાં હજુ ભોપાળાં બહાર આવવાની ભીતિ

અનાવલ રાઉન્ડના જંગલમાં લાકડા ચોરીનો કિસ્સો બહાર આવતાં ચીર નિદ્રામાં પોઢેલા વન વિભાગને કાર્યવાહીની ફરજ યાદ આવી, પરંતુ આ તો માત્ર નમૂનો છે. ખૂબ જ મોટા વિસ્તારોમાં ફેલાયેલાં જંગલોમાંથી કેટલાંય કીમતી વૃક્ષોનું નિકંદન નીકળી ગયું એ તપાસ થાય તો મોટું ભોપાળું બહાર આવે એમાં કોઈ બેમત નથી.

## કાશ્મીરમાં આતંકવાદી હુમલાના વિરોધમાં બુહારીમાં મશાલ રેલી, પાકિસ્તાન મુર્દાબાદના નારા લાગ્યા

**વડાપ્રધાન** અને ગૃહમંત્રી પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપશે: સૂરજ દેસાઈ




વ્યારા: જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં ૨૨મી એપ્રિલે નિર્દોષ પર્યટકો પર આંતકવાદી હુમલો થયો હતો. જેના વિરોધમાં વાલોડના બુહારી ગામમાં જનઆક્રોશ વિરોધ પ્રદર્શન યોજાયું હતું, જેમાં ખૂબ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

બુહારી ચાર રસ્તાથી મશાલ રેલી નીકળીને બુહારી બજાર સુધી પહોંચી હતી. જ્યાં મૃત્યુ પામેલા નિર્દોષ પર્યટકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ઉપસ્થિત મોટી સંખ્યામાં લોકોએ મૌન પાળ્યું હતું. ત્યારબાદ પાકિસ્તાન-આતંકવાદના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું. બુહારીના ઉપસરપંચ સૂરજ દેસાઇએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પર પૂર્ણ વિશ્વાસ છે. આતંકવાદી તેમજ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપશે. બુહારી ગામના આગેવાનો, વડીલો, યુવાનો તેમજ બહેનો ખૂબ મોટી સંખ્યામાં આ વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. ઉપસ્થિત જનમેદની દ્વારા હિન્દુસ્તાન જિંદાબાદ અને પાકિસ્તાન મુર્દાબાદના નારા લગાવવામાં આવ્યા હતા. આ વિરોધ પ્રદર્શનનું આયોજન બુહારીના ઉપસરપંચ સૂરજ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત લોકોએ નરેન્દ્રભાઈ મોદી સાહેબ આપ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ જેવા નારા લગાવી ભારત પાકિસ્તાનથી જરૂર બદલો લેશે એવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

## માંડવીના તરસાડા બાર ગામે લોડેડ વાહનો પર પ્રતિબંધ કરાયો


હિતેશ પટેલ

માંડવી: માંડવીના તરસાડા બાર ગામમાંથી મોટા ભાગની લોડેડ ટ્રકો ઘણા સમયથી પસાર થતા ગ્રામજનો પરેશાન થતા હતા. આ બાબતે વારંવાર ઉચ્ચ અધિકારી રજૂઆત કરવા છતાં કોઈ નિર્ણય લેવામાં આવતો ન હતો. પરંતુ ગામના સરપંચ તથા ગ્રામજનોની રજૂઆત પગલે યુદ્ધના ધોરણે તરસાડા ગામે નવા પુલ પરથી પસાર થતાં પંચાયતના થોડા અંતરે રોડની બંને સાઈડ પર લોખંડની એંગલ લગાવી હતી. જેથી લોડેડ હાઈવા, ડમ્પર ટ્રક સહિતનાં વાહનો ગામમાંથી પસાર થવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જે ગ્રામજનોની વરસો જૂની સમસ્યાનો અંત આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ લોડેડ વાહનો ગામમાંથી પસાર ન થવા દેવા માટે પંચાયત નજીક સર્કલ પાસે આખા રોડ પર લાકડાં મૂકી બંધ કરાયો હતો. પરંતુ થોડા દિવસમાં ફરી આ રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો. જેથી ગ્રામજનો માટે ખૂબ જ મુશ્કેલી પડતી હતી. જેના પગલે મંત્રીને ગામના સરપંચ તથા ગામના આગેવાનોએ રજૂઆત કરતાં લોખંડની એંગલ લાગતાં ઘોંઘાટ બંધ થયો હતો.


ઈલ્યાસ શેખ

### પલસાણા મુસ્લિમ સમાજે આતંકવાદી હુમલાને વખોડી કાઢ્યો

પલસાણા: પલસાણા તાલુકા મુસ્લિમ સમાજ અને જમીયતે ઉલમા-એ-હિન્દ (પલસાણા યુનિટ) દ્વારા જમ્મુ કશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના વિરોધમાં ગુનેગારોને સખતમાં સખત સજા કરવાની માંગ કરવામાં આવી છે. આવેદનપત્રમાં હુમલાને લઈને દુઃખની લાગણી વ્યક્ત કરી આતંકવાદી કૃત્યને સખત શબ્દોમાં વખોડ્યું હતું. મુસ્લિમ સમાજે મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

### કડોદરાની અરિહંત સોસાયટીમાંથી યુવતી ગુમ

પલસાણા: પલસાણાના કડોદરા વિસ્તારમાં આવેલી અરિહંત પાર્ક સ્થિત રાધા કૃષ્ણ બિલ્ડિંગમાંથી એક 21 વર્ષીય યુવતી દૃષ્ટિબેન નારાયણ પ્રસાદ શિવ શંકર શુક્લા (ઉં.વ.21) રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ ગઈ છે. યુવતી ગત તા.22 એપ્રિલ 2025ના રોજ સવારના 11 વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી કોઈને પણ જાણ કર્યા વગર ક્યાંક ચાલી ગઈ હતી. આ અંગે ગુમ થયેલ યુવતીના પિતા નારાયણ પ્રસાદે કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં ગુમ થયા અંગેની જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી.

## કલમકુઈમાં અકસ્માતમાં એકનું મોત

વ્યારા: તાપી જિલ્લામાં પાણી પુરવઠા અને સિંચાઈ વિભાગની પાઈપલાઈનની કામગીરીમાં આડેધડ મુકાતા પાઈપ્સ તેમજ રસ્તાને અડીને લાવારીશ મૂકી રાખેલા જીઈબીના વીજ થાંભલા વાહનચાલકો માટે કાળસમાન પૂરવાર થઈ રહ્યા છે. પણ આ મામલે વહીવટીતંત્ર ગંભીર બન્યું નથી. પાણીની પાઈપલાઈનમાં નંખાતા લોખંડના મોટા પાઈપે કોન્ટ્રાક્ટરની બેદરકારીના પાપે વાલોડના કલમકુઇ ગામના ૪૨ વર્ષિય વ્યક્તિનો ભોગ લીધો હતો.

ગત તા.૨૪/૪/૨૦૨૫ના રોજ સાંજના અરસામાં કલમકુઇ ગામે ઓગણીસઆંબા ફળિયામાં રહેતા દિનેશભાઈ અરવિંદભાઈ ચૌધરી (ઉં.વ.૪૨)ની યુનિકોર્ન મોટરસાઈકલ નં.(જીજે ૨૬ પી ૬૨૮૮) પૂરઝડપે હોય કહેરથી કલમકુઇ રસ્તા પર બસ સ્ટેન્ડ નજીક સામેથી આવતા કોઈ વાહનની હેડ લાઈટથી આંખો અંજાઈ જતાં બાઈક પાઈપ સાથે ધડાકાભેર અથડાતાં દિનેશ ચૌધરીને ઈજા થઈ હતી. જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

## વ્યારામાં સરકારી જમીન પરનાં ધાર્મિક દબાણો હાલ દૂર નહીં કરવા આદેશ

**નિયમબદ્ધ** કરવા અંગેની અરજીઓનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી સ્થિતિ યથાવત રાખવા અધિક કલેક્ટરનો હુકમ

વ્યારા: વ્યારા નગરમાં સ્થિત મંદિરો, ધાર્મિક સ્થળોની મિલકતો નિયમબદ્ધ કરવા સંદર્ભે ધારાસભ્ય મોહનભાઈ ડી. કોંકણીએ કલેક્ટરને કરેલી ભલામણ સંદર્ભે, આવી મિલકતોને નિયમબદ્ધ કરવા અંગેની અરજીઓનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી ધાર્મિક દબાણ દૂર નહીં કરવા વ્યારા નિવાસી અધિક કલેક્ટરે આદેશ કર્યો છે.

વ્યારા નગરમાં સરકારી જમીન પરના ધાર્મિક દબાણો નિયમબદ્ધ કરવા અંગેની અરજીઓ સિટી સરવે સુપરિ.,વ્યારાને મોકલી પ્રાંત અધિકારીને જરૂરી સ્થળ તપાસ, સરકારના પ્રવર્તમાન પરીપત્રો તથા જોગવાઈઓને ધ્યાને લઈ, દરખાસ્ત તૈયાર કરી અભિપ્રાય સાથેની વિગત નિવાસી અધિક કલેક્ટર કચેરીએ મોકલવા જણાવ્યું છે.

તમામ ધાર્મિક દબાણ નિયમબદ્ધ કરવાની અરજીઓ અંગેની દરખાસ્ત સિટી સરવે સુપરિ. પાસેથી મેળવી લેવાની રહેશે. વ્યારા નગરમાં સરકારી જમીન પરના ધાર્મિક દબાણો નિયમબદ્ધ કરવા અંગેની અરજીઓનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી ધાર્મિક દબાણ દૂર ન કરવા કલેક્ટરનાં આદેશાનુસાર, નિવાસી અધિક કલેક્ટરે હુકમ કર્યો હોવાનું જણાવાયું છે.

## બારડોલીના બમરોલીમાં ટ્રકનાં ટાયર-બેટરી ચોરીના ગુનામાં એક પકડાયો

**સુરત** જિલ્લા એલસીબીની ટીમે રૂ.1.50 લાખનો મુદ્દામાલ કબજે કર્યો

પલસાણા: બારડોલીના બમરોલી ગામની હદમાંથી ચોરી થયેલી ટ્રકનાં ટાયર અને બેટરી સહિત કુલ 1.50 લાખના મુદ્દામાલ સાથે એક આરોપીને સુરત જિલ્લા એલસીબીની ટીમે ઝડપી પાડ્યો હતો.

ગત 3 એપ્રિલ 2025ના રોજ બમરોલી ગામની સીમમાં આવેલા નારાયણ પેટ્રોલપંપની બાજુમાં ટ્રકના ટાયર અને બેટરી ચોરી થવા બાબતે નોકર ચોરીનો ગુનો બારડોલી ગ્રામ્ય પોલીસમથકમાં નોંધાયો હતો. દરમિયાન સુરત જિલ્લા એલસીબીની ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી કે આ ચોરીની ઘટનાને અંજામ આપનાર લખનદીપસિંગ (રહે., અંકલેશ્વર) નામના ડ્રાઈવરે વેચાણ કરાવ્યું છે અને જે રાજ હોટલથી આગળ નહેર પાસે ઊભેલો છે અને અંકલેશ્વર તરફ જનાર છે. જે હકીકતના આધારે ચોરીનો માલ વેચાણ કરાવનારને દબોચી લઈ સઘન પૂછપરછ કરતાં તેના શેઠને જ વેચાણ અપાવેલ હોય, જેથી તેનો સંપર્ક કરી ચોરીમાં ગયેલાં નવ ટાયર કિં.રૂ.1.35 લાખ, બેટરી કિં.રૂ. 5 હજાર અને એક મોબાઈલ ફોન કિં.રૂ.10 હજાર મળી કુલ 1.50 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે ચોરી કરનાર આરોપી લખનદીપસિંગ ઉર્ફે લખો જગરાજસિંગ (ઉં.વ.25) (રહે., જીતાલી, ડ્રીમ સિટી, તા.અંકલેશ્વર, જિ.ભરૂચ, મૂળ રહે., મોગા પંજાબ)ની ધરપકડ કરી હતી. જો કે, વેચાણ લેનાર વ્યક્તિ સામે પોલીસે કોઈ કાર્યવાહી નહીં કરતાં પોલીસની કામગીરી સામે શંકા ઉદભવી રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### હિન્દુઓ પરના હુમલા મુદ્દે બારડોલીમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનો વિરોધ



બારડોલી: કાશ્મીરના પહેલગામ અને પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં હિન્દુઓ પર થયેલા તાજેતરના હુમલાઓના વિરોધમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ (AHP), રાષ્ટ્રીય બજરંગદળ અને અન્ય હિન્દુ સંગઠનો દ્વારા બારડોલીમાં આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને સંબોધિત આ આવેદનપત્ર મામલતદારને પાઠવીને આ ઘટનાઓ અંગે તાત્કાલિક અને કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી છે. પરિષદે આવાં તત્ત્વોનો સફાયો કરવા માટે સેના અને પોલીસને જાહેરમાં ગોળી મારવાની ખુલ્લી છૂટ આપવા સહિત દેશભરમાં હિન્દુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા કડક પગલાં ભરવા સરકારને વિનંતી કરી છે.

### પહેલગામના આતંકી હુમલાના વિરોધમાં તરસાડી ખાતે મૌન કેન્ડલ માર્ચ યોજાઈ


ઈબ્રાહીમ કાનુ

હથોડા: જમ્મુ કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓએ 26 જેટલા નિર્દોષોને મોતને ઘાટ ઉતારી કાળો કેર વર્તાવતા સમગ્ર દેશવાસીઓ આ ઘટનાનો ઉગ્ર વિરોધ કરી રહ્યા છે. આ બાબતે તરસાડી ખાતે પણ લોકોએ મહારાણા પ્રતાપ સર્કલથી મૌન કેન્ડલ માર્ચનું આયોજન કર્યું હતું.

### ખોલવડ અને કામરેજ ચાર રસ્તા ખાતે આતંકી હુમલાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી


વિશાલ પટેલ

કામરેજ: જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલાં આતંકી હુમલાના વિરોધમાં કામરેજ ચાર રસ્તા ખાતે બજરંગ દળ અને વિશ્વ હિંદુ પરિસદ દ્વારા પૂતળા દહન સાથે વિવિધ સૂત્રોચ્ચાર કરી મૃતકોને શ્રધાંજલિ આપવામાં આવી હતી. ખોલવડના ફતેહ ઇસ્લામ મસ્જિદ તેમજ સમસ્ત ખોલવડ મુસ્લિમ સમાજ દ્વારા ફતેહ મસ્જિદ ઇસ્લામમાં કાળી પટ્ટી ધારણ કરી નમાજ અદા કરી વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. સાથે મૃતકોના પરિવારના દુઃખમાં સહભાગી હોવાની લાગણી વ્યક્ત કરી હતી. સાથે ઘાયલો જલદીથી સ્વસ્થ જીવન પ્રદાન થાય એવી દુઆ ગુજારી હતી.

### પહેલગામમાં આતંકી કૃત્ય સામે કીમના મુસ્લિમોનો વિરોધ



ઈબ્રાહીમ કાનુ

હથોડા: આતંકવાદીઓએ કાશ્મીરના પહેલગામમાં નિર્દોષોને મોતને ઘાટ ઉતારી વર્તાવેલા કાળા કેર બાબતે કીમના મુસ્લિમોએ શુક્રવારે આક્રોશ ઠાલવી આતંકવાદી મુર્દાબાદના નારા લગાવી બનાવને વખોડી કાઢ્યો હતો. આ કૃત્ય બદલ કાળી પટ્ટી ધારણ કરી આતંકવાદીઓના વિરુદ્ધમાં નારાઓ લગાવી તેમણે વિરોધ કર્યો હતો.

### વાલોડ મુસ્લિમ સમાજે પહેલગામના આતંકવાદી હુમલાની ઘટના સામે વિરોધ દર્શાવ્યો



વ્યારા: વાલોડ મુસ્લિમ સમાજના લોકોએ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની ઘટનાને પગલે વિરોધ પ્રદર્શિત કરવા માટે અને સરકાર પાસે કસૂરવાર આંતકવાદીઓને પકડી કડકમાં કડક સજા કરવા નમાઝ અદા કરતી વેળા કાળી પટ્ટી બાંધી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.


સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
Central Bank of India

અલથાણ શાખા : દુકાન નં. જીર અને જી૩, ઈકો ફુટઝ, ન્યુ સિટી લાઈટ રોડ, સુરત.
E mail: bmsura5082@centralbank.co.in

**પઝેશન નોટીસ**

પરિશિષ્ઠ-૪, નિયમ-૮(૧) (સ્થાવર મિલકત માટે)

આથી, નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, અલથાણ શાખા, સુરત**ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત **તા. ૦૪.૦૭.૨૦૨૪** ના રોજ ડિમાન્ડ નોટીસ દ્વારા કરજદાર/સહ-કરજદાર **શ્રી પિયુષભાઈ અરવિંદભાઈ પેઠાણી (કરજદાર), શ્રી પ્રદીપભાઈ અરવિંદભાઈ પેઠાણી (સહ-કરજદાર), શ્રી રમેશભાઈ ડાહ્યાભાઈ જીયાન (જામીનદાર)**ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૩૩,૩૫,૦૦૧.૦૫/- (રૂા. તેત્રીસ લાખ પાત્રીસ હજાર એક અને પાંચ પૈસા પુરા)** ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાને રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા પેટા કલમ (૪) અને કલમ ૧૩ તથા નિયમ ૮ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા. ૨૫.૦૪.૨૦૨૫**ના રોજ નીચે જણાવેલ મિલકતોનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા/જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા** ના બાકી લેણા **રૂા. ૩૩,૩૫,૦૦૧.૦૫/- (રૂા. તેત્રીસ લાખ પાત્રીસ હજાર એક અને પાંચ પૈસા પુરા)** તા. ૨૯.૦૬.૨૦૨૪ થી ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ વગેરેના બોજા સહિત રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

**સ્થાવર મિલકતની વિગત**

ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ નં. ૭૪, ક્ષેત્રફળ ૬૮.૭૫ સ્કે. મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સાનો ક્ષેત્રફળ ૩૨.૫૫ સ્કે. મીટર રોડ અને સીઓપીનો ક્ષેત્રફળ ૨૦.૮૫ સ્કે. મીટર, "ધર્મનંદન બંગ્લોઝ" જે સ્થિત જમીનનો આર.એસ. નં. ૮૦, બ્લોક નં. ૧૦૨, ક્ષેત્રફળ ૧૩૧૯૭ સ્કે. મીટર (જુનો બ્લોક નં. ૭૬, ક્ષેત્રફળ ૧૩૫૫૭ સ્કે. મીટર), ગામ-નનસાડ, તાલુકા-કામરેજ, જિ, સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત.

**ચતુરસીમા :** ● **પુર્વે** : પ્લોટ નં. ૭૫ ● **પશ્ચિમે** : પ્લોટ નં. ૭૩ ● **ઉત્તરે** : સોસાયટીનો રસ્તો ● **દક્ષિણે** : પ્લોટ નં. ૮૯

**તારીખ : ૨૫.૦૪.૨૦૨૫**
**સ્થળ : કામરેજ, સુરત**

**સહી/- અધિકૃત અધિકારી, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા**



FEDERAL BANK
YOUR PERFECT BANKING PARTNER

**ફેડરલ બેંક લિમિટેડ, LCRD/અમદાવાદ વિભાગ, દુકાન નં. ૧૦૧, પહેલો માળ, સંગાથ આઈપીએલ દ્વારા સેન્ટ્રલ, પીવીઆર સિનેમાની પછી, લેક એન્ડ ગાર્ડન પાસે, મોટેરા, અમદાવાદ-૩૮૦૦૦૫.**
**ઈમેલ : ahdlcrd@federalbank.co.in, ફોન : ૦૭૯-૨૯૯૦૦૩૭૩, મોબાઈલ: ૯૪૨૭૮૫૮૯૯૭**

**સ્થાવર મિલકતના વેચાણ માટે વેચાણ નોટીસ**

**સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની નોટીસ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો - ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ સાથે વંચાણે લેતાં**

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોઓએ સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો **ફેડરલ બેંક લિમિટેડ** (સિક્યોર્ડ ક્રેડીટર) પાસે ગીરો / ચાર્જ કરેલ છે, જેનો **પ્રત્યક્ષ કબજો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **ફેડરલ બેંક લિમિટેડ (સિક્યોર્ડ ક્રેડીટર)** ની બાકી લ્હેંણી રકમ ની વસુલાત માટે **તા. ૦૩.૦૬.૨૦૨૫ ના રોજ "જેમ છે ત્યાં" "જેમ છે તેમ" "જે ત્યાં છે"** ના ધોરણે વેચાણ કરવામાં આવશે, ફેડરલ બેંક લિમિટેડ (સિક્યોર્ડ બેંક લિમિટેડ) ની વેચાણની વિગત નીચે મુજબ છે.

| ઉધારકર્તાનું નામ અને સરનામું | બાકી લ્હેંણી રકમ | અનામત કિંમત / ઈએમડી |
|---|---|---|
| **(૧). શ્રીમતી સપના પંડીત W/o સ્વ. ગોકુલેશ શ્રીક્રિષ્ના પંડીત, (૨). કુમારી ધુમી પંડીત D/o સ્વ. ગોકુલેશ શ્રીક્રિષ્ના પંડીત, (૩). કુમાર ખુશ પંડીત S/o ગોકુલેશ શ્રીક્રિષ્ના પંડીત, તેમના ગાર્ડીયન તરીકે શ્રીમતી સપના પંડીત, શ્રી ગોકુલેશ શ્રીક્રિષ્ના પંડીતના કાયદેસરના વારસદાર તરીકે, (૪). શ્રીમતી માલ્તીબેન પંડીત W/o સ્વ. ગોકુલેશ શ્રીક્રિષ્ના પંડીત, શ્રી ગોકુલેશ શ્રીક્રિષ્ના પંડીતના કાયદેસરના વારસદાર તરીકે,** **બધાનું સરનામું :** દેવ ક્રિસ્ટલ, રત્નદિપ સોસાયટીની પાસે, જય માલા બસ સ્ટોપની પાસે, ઈસનપુર, અમદાવાદ, ગુજરાત - ૩૮૨૪૪૩ // સી/૭૬, નટવર નગર, મોતી કુંજ, સીટી સ્કુલની પાસે, મથુરા, ઉત્તરપ્રદેશ - ૨૮૧૦૦૧ // બીજો માળ, ગીરીરાજ એપાર્ટમેન્ટ, ભાગવતનગર, મણીનગર, અમદાવાદ - ૩૮૦૦૦૮. | (૧). લોન એકાઉન્ટ નં. ૧૧૫૮૭૩૦૦૦૧૬૫૬૮ ની બાકી રકમ **રૂા. ૪૨,૬૧,૬૫૭.૦૩** (રૂા. બેત્તાલીસ લાખ એકાણું હજાર છસ્સો સત્તાવન અને ત્રણ પૈસા પુરા) તા. ૦૩.૦૬.૨૦૨૫ ના સુધી, (૨). લોન એકાઉન્ટ નં. ૧૧૫૮૭૬૦૦૦૦૪૮૧૯ ની બાકી રકમ **રૂા. ૯,૪૨,૧૧૨/-** (રૂા. નવ લાખ બેત્તાલીસ હજાર એકસો બાર પુરા) તા. ૦૩.૦૬.૨૦૨૫ ના સુધી, (૩). લોન એકાઉન્ટ નં. ૧૧૫૮૭૬૦૦૦૦૪૭૯૯ ની બાકી રકમ **રૂા. ૮૧,૯૯૬/-** (રૂા. એકયાસી હજાર નવસો છન્નું પુરા) તા. ૦૩.૦૬.૨૦૨૫ ના સુધી | **રૂા. ૩૨,૦૦,૦૦૦/- (રૂા. બત્રીસ લાખ પુરા)** ------------ **રૂા. ૩,૨૦,૦૦૦/- (રૂા. ત્રણ લાખ વીસ હજાર પુરા)** |

**મિલકતનું વર્ણન :-** તમામ ભાગ અને હિસ્સા સાથેનો ફ્લેટ નં. ૧૦૧, પહેલો માળ, બ્લોક નં. ડી, કાર્પેટ એરીયાનું ક્ષેત્રફળ ૬૫.૩૨ સ્કે.મી., અવિભાજીત હકક સાથેની જમીનનું ક્ષેત્રફળ ૩૦ સ્કે.મી., દેવ ક્રિસ્ટલ થી જાણીતી સ્કીમ, જે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૭૩ અને ૭૪, ફાઈનલ પ્લોટ નં. ૨૭ અને ૨૮ પૈકી, સબ પ્લોટ નં. ૧, ટીપીએસ નં. ૩૭ (દાણીલિમડા ઉત્તર), મોજે - દાણીલિમડા, તાલુકો - મણીનગર, જીલ્લો - અમદાવાદ, ગુજરાત. **ચતુઃસીમા :-** ● **પૂર્વે** : કમ્પાઉન્ડની દિવાલ, ● **પશ્ચિમે** : કોમન પ્લોટ અને બ્લોક નં. એફ, ● **ઉત્તરે** : કોમન પ્લોટ અને બ્લોક નં. સી, ● **દક્ષિણે** : કોમન દિવાલ અને બ્લોક નં. ઈ.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને ફેડરલ બેંક લિમીટેડની વેબસાઈટ માં આપેલી લિંકનો સંદર્ભ લો એટલે કે : https://www.federalbank.co.in/web/guest/tender-notices.

**ધી ફેડરલ બેંક લિમીટડ વતી, શૈલેન્દ્ર કુમાર પાન્ડે, એસોસીયેટ વાઈસ પ્રેસીડેન્ટ, લોન કલેકશન અને રીકવરી ડિપાર્ટમેન્ટ અમદાવાદ ડિવિઝન (સરફેસી એક્ટ હેઠળ અધિકૃત અધિકારી)**